# ભારતમાં કાપડ ઉદ્યોગનો ઉદ્‌ભવ અને વિકાસ

પ્રતિક્ષા ચંદ્રવદનભાઈ મકવાણા
એમ.એ., જીસેટ (અર્થશાસ્ત્ર)
પીએચ.ડી., શોધાર્થી,
અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**સારાંશ**
*જરૂરિયાત એ સંશોધનની જનની છે. માનવીની જરૂરિયાત જેમ જેમ વધતી ગઈ તેમ તેમ નવાં સંશોધન પણ થતાં ગયાં. કપડા એ સભ્ય સમાજનું ખૂબ જ મહત્ત્વનું અંગ રહ્યું છે. વર્તમાન સમયમાં કાપડ ઉદ્યોગ એ સૌથી વધુ ઝડપી વિકાસ પામતો ઉદ્યોગ બન્યો છે. કાપડ ઉદ્યોગના ઈતિહાસની વાત થાય તો ચીન અને ભારતના નામ મોખરે આવે છે. આજે ચીન અને ભારત કાપડ ઉદ્યોગની બાબતમાં વિશ્વમાં જમાદાર થઈને બેઠા છે. જે ભારતના કાપડ ઉદ્યોગના ભવ્ય ઈતિહાસની સમૃદ્ધિની સાક્ષી પૂરે છે.*

**ચાવીરૂપ શબ્દો:** *ભારતીય અર્થતંત્ર, ઉધોગક્ષેત્ર, કાપડ ઉધોગ, આયાત-નિકાસ , રોજગારી*

## ૧. પ્રસ્તાવના

ભારતનો કાપડ ઉદ્યોગ અતિ પ્રાચીન ઉદ્યોગ રહ્યો છે. ભારતના પુરાતત્વીય સંશોધનો દર્શાવે છે કે ૪૦૦૦ વર્ષ પહેલાં પણ હડપ્પા સંસ્કૃતિના લોકો કાપડ વણવામાં અને કાપડ રંગવામાં (ડાઈંગ કરવામાં) વિશિષ્ટિકરણ ધરાવતાં હતાં. ભારતના વૈદિક સાહિત્યમાં પણ કાપડ વણાટના જુદા-જુદા સાધનોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. ભારતનો કાપડ ઉદ્યોગ એ વિશ્વનો અગ્રણી કાપડ ઉદ્યોગ છે. આર્થિક સુધારા પછી ભારતનાં કાપડ ઉદ્યોગને એક નવી જ દશા અને દિશા મળી છે. ભારતની કુલ વિદેશી કમાણીમાં કાપડ ઉદ્યોગનો ફાળો ૧૪% અને જીડીપીમાં ૩% જેટલો છે. ભારતમાં રોજગારીનું સર્જન કરવામાં કાપડ ઉદ્યોગ સૌથી આગળ પડતો ઉદ્યોગ છે. કાપડ ઉદ્યોગ પોતાના જ ક્ષેત્રમાં રોજગારી આપવાની સાથે-સાથે અન્ય આનુષંગિક ક્ષેત્રોને પણ વિકસાવવામાં **મહત્ત્વ**નો ફાળો આપે છે. ભારતનો કાપડ ઉદ્યોગ ૩૫ મિલિયન કરતાં વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે.

## ૨. હેતુઓ

1. ભારતના અર્થતંત્રમાં કાપડ ઉદ્યોગનું મહત્વ તપાસવું.
2. ભારતના કાપડ ઉદ્યોગનો ઈતિહાસ તપાસવો.
3. ભારતના વિવિધ રાજ્યોમાં કાપડ ઉદ્યોગનો ઉદભવ અને વિકાસ તપાસવો.

## ૩. ભારતના વિવિધ રાજ્યોમાં કાપડ ઉદ્યોગ

ભારતમાં ૧૪૩૦ થી ૧૪૭૦ના સમયગાળામાં તુર્કીસ્તાનના કારીગરોને કાશ્મીરમાં બોલાવીને તેમની મદદથી ઊનના રેસાનો ઉપયોગ કરી શાલ બનાવવાની શરૂઆત થઈ હતી. ભારતમાં મુઘલકાળ (૧૫૨૬ થી ૧૭૬૧) દરમિયાન કાપડ ઉદ્યોગ અને વસ્ત્રોના વ્યાપારને ઘણું પ્રોત્સાહન મળ્યું હતું. આ સમયે ભારતમાં બંગાળ કાપડ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. બંગાળના કાપડની માંગ અમેરિકા અને જાપાન જેવા દેશોમાં રહેતી હતી. ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપનાં દેશોમાં કાપડ અને વસ્ત્રોની માંગ વધવા લાગી હતી. આ માંગ સ્થાનિક કક્ષાએથી પૂરી થાય તેમ ન હતી. આવા સમયે યુરોપના

દેશોએ ભારતમાંથી કાપડ અને વસ્ત્રોની મોટા પ્રમાણમાં આયાત કરી હતી. કાર્લ માર્ક્સ જણાવે છે કે, અમેરિકામાં ગુલામી નાબૂદ થવાના કારણે ઇંગ્લેન્ડને સસ્તા કપાસના સ્ત્રોતની જરૂર હતી અને આ પુરવઠો તેને ભારતમાંથી મળી શકે તેમ હતો. ભારતમાં થયેલા અનેક વિદેશી આક્રમણો અને અંદરોઅંદરના રાજ્ય પલટાને કારણે કાપડ ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં યાંત્રિકીકરણનો વિકાસ થઈ શક્યો નહિ. પરિણામે આ સમયે કાપડ ઉદ્યોગ માત્ર ગૃહઉદ્યોગ તરીકે જ રહ્યો હતો. અંગ્રેજ શાસન દરમિયાન અને ઇંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિથી ગૃહઉદ્યોગને ઘણું નુકસાન થયેલું, પરંતુ જયારે ભારતે વિશ્વના અનેક દેશોની જેમ ટેક્નોલોજીનો સ્વીકાર કર્યો ત્યારે ભારતના કાપડ ઉદ્યોગના વિકાસમાં એક નવો વણાંક આવ્યો. ત્યારપછી ભારતમાં સહકારી ધોરણે કાપડ ઉદ્યોગની શરૂઆત ઓગણીસમી સદીમાં થઈ. જો કે અંગ્રેજોના શાસન દરમિયાન વણાટકામના પારંગત કારીગરોની ભારે અવદશા થઈ હતી. ઈંગ્લૅન્ડના કાપડ ઉદ્યોગને બજાર મળે તે માટે ઇરાદાપૂર્વક ભારતીય કાપડ ઉદ્યોગને મૃત:પ્રાય બનાવી દેવાયો હતો. ૧૯૧૫ પછી શરૂ થયેલ સ્વરાજ્યની ચળવળમાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ રેંટિયાને સ્વરોજગારીના પાયાના સાધન તરીકે મહત્ત્વ આપ્યું. ત્યારથી કાંતણ અને હાથવણાટનું ગૃહઉદ્યોગ તરીકેનું મહત્ત્વ ફરીવાર વધવા લાગ્યું હતું. આ પ્રકારે તૈયાર થયેલા કાપડને ખાદી તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને પ. બંગાળ કાપડ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે.

**(૧) મહારાષ્ટ્ર**

ભારતના કાપડ ઉદ્યોગના વિકાસમાં મહારાષ્ટ્રનો સિંહફાળો રહ્યો છે. મહારાષ્ટ્ર ભારતનું સૌથી વધુ કપાસ ઉત્પાદન કરતું રાજ્ય છે. ભારતના કુલ સુતરાઉ કાપડ અને સુતરના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર ફાળો સૌથી વધુ અનુક્રમે ૩૮% અને ૩૦% જેટલો છે. આ ઉપરાંત ભારતમાં સૌથી વધુ કોટન મિલો (૧૨૫) મહારાષ્ટ્રમાં સ્થિત છે. મહારાષ્ટ્રમાં લગભગ ૬૫ મિલિયન કિલો કપાસનું વાર્ષિક ઉત્પાદન થાય છે. જે દેશના કુલ ઉત્પાદનના ૨૫% જેટલું છે. દેશમાં કાપડ અને વસ્ત્ર ઉત્પાદનમાં મહારાષ્ટ્રનો ફાળો ૧૦.૪% અને રોજગારીમાં ૧૦.૨% છે. મહારાષ્ટ્રનો સુતરાઉ કાપડ ઉદ્યોગ ૩ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે. મહારાષ્ટ્ર પાસે ટેક્સટાઈલ માર્કેટનો મોટો હિસ્સો છે. મહારાષ્ટ્રમાં કપાસના ઉત્પાદન માટેની કાળી માટીનું ફળદ્રુપ ક્ષેત્ર, સુતરના તાંતણાને અનુકૂળ ભેજવાળી આબોહવા, ઊર્જા અને વિશાળ શ્રમબળની ઉપલબ્ધતા કાપડ ઉદ્યોગના વિકાસ માટેના મુખ્ય કારણો છે. આ બાબતને ધ્યાનમાં રાખી મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્રના કાપડ ઉદ્યોગના વિકાસ માટે મહત્ત્વનાં પગલાં લીધા છે. મહારાષ્ટ્રમાં બોમ્બે ડાઈંગ, સેન્ચ્યુરી ટેક્સટાઈલ તેમજ રેમંડ મુખ્ય કંપની છે. ભારતની પ્રથમ મિલ બોમ્બે સ્પિનિંગ એન્ડ વીવિંગ કંપની ૭ જુલાઇ ૧૮૫૪ના રોજ મુંબઈ મહારાષ્ટ્ર ખાતે શરૂ કરવામાં આવી હતી. મહારાષ્ટ્રને ‘કોટન પોલિસ’ રાજ્ય તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ઇચલકરંજી, ભીવંડી અને માલેગાવ કાપડ ઉદ્યોગના કેન્દ્રો છે. ઇચલકરંજી પ્રતિદિન ૧.૨૫ કરોડ મીટર કાપડ ઉત્પાદન કરે છે. મહારાષ્ટ્રનો કાપડ ઉદ્યોગ હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે.

**(૨) રાજસ્થાન**

મહારાષ્ટ્રની જેમ રાજસ્થાન પણ કાપડ ઉદ્યોગ માટે જાણીતું છે. રાજસ્થાનના પાલી, ભિલવાડા, બાડમેર, જયપુર, નાથદ્વાર વગેરે વિસ્તારો કાપડ ઉદ્યોગ માટે જાણીતા છે. રાજસ્થાનના કાપડ ઉદ્યોગમાં ભિલવાડાનું મોટું પ્રદાન છે. આથી જ તેને ‘ભારતનું ટેક્સટાઈલ સીટી’ કહેવામાં આવે છે. આ ઉપરાંત પાલી જીલ્લોમાં પણ ઔદ્યોગિક વિકાસ ખૂબ જ સારી રીતે થયેલો જોવા મળે છે. પાલી જીલ્લામાં લગભગ ૩૪૨૨ જેટલા ઔદ્યોગિક એકમો આવેલા છે. જેમાં ટેક્સટાઈલ, કૃષિ સંબંધિત ઉદ્યોગો, ખનિજ અને ચામડા ઉદ્યોગનો સમાવેશ થાય છે. ૧૯૪૧માં પાલીમાં જોધપુરના રાજા ઉમેદસિંહની મદદથી ઉમેદ મિલની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં આ મિલ લગભગ ૧૦,૦૦૦ જેટલા લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. પાલી જીલ્લાની ગ્રે-પ્રિન્ટેડ સાડી તેની મુખ્ય નિકાસ છે. પાલી જીલ્લામાં આમ તો ૧૫૦૦ જેટલા ડાઈંગ અને પ્રિન્ટિંગના એકમો આવેલા છે. પરંતુ સરકારમાં નોંધાયેલા એકમોની

સંખ્યા ૯૩૨ જેટલી છે. જે લગભગ ૧૨,૬૫૦ લોકોને રોજગારી આપે છે. ત્યારબાદ જયપુર પણ કાપડ ઉદ્યોગમાં આગળ પડતો જીલ્લો છે. જયપુરના બગરૂ શહેરનું હાથેથી ડાઈંગ અને પ્રિન્ટિંગ કરવાનું કામ ૪૫૦ વર્ષ જૂનું છે. બગરૂમાં ૧૧૦ થી વધુ ડાઈંગ અને બ્લોક પ્રિન્ટિંગના એકમો આવેલા છે. છીપા નામની જાતિ પરંપરાગત રીતે ડાઈંગ અને પ્રિન્ટિંગ કામ સાથે જોડાયેલી છે. હાલમાં બગરૂમાં ઓછામાં ઓછા ૨૦૦ છીપા પરિવાર આ ઉદ્યોગમાંથી રોજગારી મેળવે છે.

**(૩) તમિલનાડુ**

ભારતના કાપડ ઉદ્યોગના વિકાસમાં જેનો અગ્રણી ફાળો છે. તેવા રાજયોની સૂચિમાં તમિલનાડુનો પણ સમાવેશ થાય છે. તમિલનાડુ ભારતના કાપડ ઉદ્યોગની કરોડરજ્જૂ સમાન ગણવામાં આવે છે. તમિલનાડુ ભારતનું સૌથી મોટું ટેક્સટાઈલ હબ છે. ભારતમાં ૨૦૪૯ મોટી અને નાની સુતરાઉ કાપડ મિલોમાંથી ૯૦૦થી પણ વધુ મિલો તમિલનાડુમાં આવેલી છે. તમિલનાડુ ભારતનું ત્રીજું સૌથી મોટું સુતરાઉ કાપડનું ઉત્પાદક છે અને દેશના કુલ યાર્નના ઉત્પાદનમાં ૪૫% હિસ્સો ધરાવે છે. તમિલનાડુમાં કોઈમ્બતુર, તિરુપ્પુર, ઈરોડ, કરૂર, મદુરાઈ, કાકીનાડા, ડિંડીગુલ વગેરે કાપડ ઉદ્યોગના કેન્દ્રો છે. તમિલનાડુમાં સ્પિનિંગ, હેન્ડલૂમ, પાવરલૂમ, ડાઈંગ અને પ્રિન્ટિંગ તેમજ  નીટવેર જેવા કાપડ ઉદ્યોગનો વિકાસ થયો છે. ભારતમાં કુલ કાપડ ઉત્પાદનમાં તમિલનાડુનો હિસ્સો ૧૯% જેટલો છે. તિરુપ્પુરએ તમિલનાડુ કાપડ હબ છે. ભારતના કુલ નીટવેર નિકાસમાં તેનો ફાળો ૯૦% જેટલો છે. તિરુપ્પુરનો કાપડ ઉદ્યોગ ૬ લાખ લોકોને રોજગારી આપે છે. વિશ્વની મોટી મોટી રિટેલર કંપની જેવી કે નાઈક, એડીડાસ, વોલમાર્ટ વગેરે તિરુપ્પુરથી કાપડ અને વસ્ત્રોની આયાત કરે છે. તિરુપ્પુરમાં કાપડના વિકાસને ધ્યાનમાં રાખીને તેને 'ડોલર સીટી' તેમજ 'કોટન સીટી' તરીકે ઓળખવામાં આવે છે. તિરુપ્પુરમાં લગભગ ૭૦૦ જેટલા ડાઈંગ અને પ્રિન્ટિંગના એકમો આવેલા છે. આ ઉપરાંત કરૂર જીલ્લો પણ ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગ સાથે જોડાયેલો છે. અહીં ૫૦૦ જેટલા ડાઈંગ ઉદ્યોગના એકમો કાર્યરત છે.

**(૪) ઉત્તરપ્રદેશ**

ઉત્તરપ્રદેશ ભારતનું ત્રીજા નંબરનું સૌથી મોટું કાપડનું ઉત્પાદન કરતું રાજ્ય છે. જે કુલ કાપડ ઉત્પાદનમાં ૧૩.૨૪% જેટલો હિસ્સો છે. દેશમાં કુલ રેશમના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ પાંચમો ક્રમ ધરાવે છે. ઉત્તરપ્રદેશમાં ૫૮ સ્પિનિંગ મિલ અને ૭૪ ટેક્સટાઈલ મિલ આવેલી છે. ઉત્તરપ્રદેશમાં કાનપુર, આગ્રા, મેરઠ, ગાઝીયાબાદ, અલીગઢ, હરદોઈ, વારાણસી, વગેરે કાપડ ઉદ્યોગના મુખ્ય કેન્દ્ર છે. કાનપુરને ઉત્તરપ્રદેશનું માન્ચેસ્ટર કહેવામાં આવે છે. અહીં કાપડ ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. આ ઉપરાંત મેરઠ, દેવબંધ, ધામપુર, ઈયતવા ટાંકામાં હાથેથી વણેલા કાપડ પર ડાઈંગ અને પ્રિન્ટિંગ કરવામાં આવે છે.

**(૫) ગુજરાત**

વર્તમાન સમયમાં ગુજરાત એ ભારતનું કાપડ ઉદ્યોગનું હબ છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક આગવું સ્થાન છે. ગુજરાતમાં આશરે ૨૫ લાખ હેક્ટર જમીન પર કપાસનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ૨૪ હજાર જેટલી હાથશાળો અને ૩ લાખ કરતાં વધૂ યાંત્રિકશાળો નાના-પાયે ગુજરાતમાં ચાલે છે. સાથે-સાથે ગુજરાતમાં ખાદીનું પણ સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આજે ગુજરાતમાં લગભગ ૨૦ થી ૨૫ હજાર અબંર ચરખા ચાલે છે. ખાદી ૬૦ હજાર લોકોને રોજગારી આપે છે. ગુજરાતમાં કાપડ ઉદ્યોગનો સારો વિકાસ થયો છે.

**સંદર્ભસૂચિ**

1. કચ્છલ ડી. (૨૦૧૬). "યોજના (કાપડ ઉદ્યોગ: નવા અધ્યાયની શરૂઆત):" અમદાવાદ: યોજના કાર્યાલય. પાનાં નં. ૪ અને ૫

2. જાદવ, જી (૨૦૧૯). "ગુજરાતનો લોકકલા વૈભવ", માહિતી નિયામક કચેરી,ગાંધીનગર પાનાં નં ૫ થી ૮
3. CBSE. (2014). "Traditional Indian Textiles. New Delhi : Central Board of Secondary Education", New Delhi. Page No. 2
4. ibid, Page No. 30 - 44
5. CBSE. (2014). "Traditional Indian Textiles. New Delhi : Central Board of Secondary Education", New Delhi. Page No. 36-37, 52 -53
6. Emmalsobel, R. (2012). "Patterns Of Indenty : Hand block Printed And Resist Dyes Textile of Rural Rajsthan" : De Montfort University, Leicester.
7. "Tamilnadu New Intergrated Textile Policy-2019". (2019). Handlooms,Handicrafts Textile and Khadi Department, Govermrnt Of Tamilnadu.Page No. 3- 6
8. https://en.m.wikipedia.org
9. https://gujrativishwakosh.org
10. https://blogs/cotton-textile-industry-india
11. https://textilesvaluechain.in